# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

**બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેકટર–૧૦ એ,ગાંધીનગર–૩૮૨૦૧૦**

**ઈ–મેઈલ : Plan.dpe.guj@gmail.com**

**By Email**

**ક્ર:પ્રાશિનિ/ચ–૧/શાળા સહાયક/૨૫–૨૬/૫૧૪૫–૯૭**

તા.૧૬/૦૭/૨૦૨૫

**પ્રતિ,**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:** રાજ્યની સરકારી પ્રાથમિક પગાર–કેન્દ્ર શાળાઓમાં અભ્યાસિક તથા સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને વહીવટી કામગીરી માટે શાળા સહાયક ઉપલબ્ધ કરાવવા બાબત.

**સંદર્ભ:** **(૧)**શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:ED/KEF/e-file/3/2023/0105/K, તા.૨૧/૦૨/૨૦૨૫
**(૨)**અત્રેની કચેરીની સિ.ફા.નં.૧૮, તા.૧૪/૭/૨૫ની નોંધ પર માન.અગ્ર સચિવશ્રી (પ્રા.અને મા.શિ.)ની મળેલ મંજૂરી.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તામાં વધારો કરવા માટે અનેક પ્રયાસો કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજ્યની સરકારી પ્રાથમિક પગાર–કેન્દ્ર શાળાઓમાં અભ્યાસિક તથા સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં મદદ મળે અને વહીવટી કામ સરળતાથી અને ઝડપથી થાય તે માટે કોમ્પ્યુટર ની જાણકારી ધરાવતા શાળા સહાયક ઉપલબ્ધ કરાવવા માટે શિક્ષણ વિભાગના તારીખ ૨૧/૦૨/૨૦૨૫ના સંદર્ભ હેઠળના ઠરાવથી જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઠરાવની જોગવાઇ ક્રમાંકઃ–બી મુજબ નિયામક પ્રાથમિક શિક્ષણ દ્વારા ઝોનવાઈઝ કે જિલ્લાવાઇઝ એજન્સી નક્કી કરવાની કાર્ય પદ્ધતિ અંગે સૂચના આપવાની રહેશે તે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

તે અન્વયે સંદર્ભ–૨ થી મળેલ મંજૂરી અનુસાર જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળાઓમાં શાળા સહાયક ઉપલબ્ધ કરાવવા માટે જે તે જિલ્લાના કલેક્ટરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા માન્ય કરવામાં આવેલ એજન્સી મારફતે શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવની તમામ જોગવાઈઓનું પાલન કરી ઉક્ત ઠરાવના પરિશિષ્ટ–૧ મુજબની લાયકાત ધરાવતા શાળા સહાયક આઉટસોર્સીંગથી મેળવવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**(ડૉ.એમ.એન.પટેલ)**
**નિયામક**
**પ્રાથમિક શિક્ષણ**
**ગુ.રા. ગાંધીનગર**

ગુજરાત રાજ્યની જિલ્લા પંચાયત અને નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં આઉટસોર્સીંગ થી 'શાળા સહાયક' ઉપલબ્ધ કરાવવા બાબત.

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

**ઠરાવ ક્રમાંક: ED/KEF/e-file/3/2023/0105/K**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા. ૨૧/૦૨/૨૦૨૫**

**વંચાણે લીધાં :**

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીના પત્ર ક્રમાંક:પ્રાશિનિ/ચ-૧/ન.બા./ઈડીએન-૫.૧૫/૨૨-૨૩/ ૧૦૭૬૬-૬૭, તા.૩૧/૦૩/૨૦૨૩

(૨) પ્રાથમિક શાળાઓમાં શાળા સહાયકની યોજના અંગેની નવી બાબત (ઈડીએન-૫.૧૫)ની વહિવટી મંજૂરીનો ઠરાવ ક્રમાંકઃ ED/KEF/e-file/3/2023/0105/K, તા. ૨૧/૦૨/૨૦૨૫.

**પ્રસ્તાવના** :

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તામાં વધારો કરવા માટે અનેક પ્રયાસો કરવામાં આવેલ છે. જે અંતર્ગત સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ ક્લાસરૂમ અને કમ્પ્યુટર લેબ સહિત અનેક સુવિધાઓ પણ આપવામાં આવેલ છે. આ ડિજિટલ સુવિધાઓના યોગ્ય ઉપયોગ થાય, પે-સેન્ટર શાળાઓમાં અને રાજ્યની ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી મોટી શાળાઓમાં અભ્યાસિક તથા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમા મદદ મળે અને વહીવટી કામ સરળતાથી અને ઝડપથી થાય તે માટે કમ્પ્યુટરની જાણકારી ધરાવતા શાળા સહાયક ઉપલબ્ધ કરાવવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યની પગાર કેન્દ્ર સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમા મદદ મળે અને વહીવટી કામ સરળતાથી અને ઝડપથી થાય તે માટે કમ્પ્યુટરના જાણકાર માનવ બળ ઉપલબ્ધ કરાવવાના હેતુથી નીચેની શરતોને આધિન **'શાળા સહાયક'** આઉટસોર્સીંગથી ઉપલબ્ધ કરવાનું ઠરાવવામાં આવે છે.

- **માર્ગદર્શક સૂચનાઓ અને શરતો:**

**A.** આ સાથે સામેલ **પરિશિષ્ટ-૧** મુજબની લાયકાત ધરાવતા અને માનદ્ વેતનથી કામગીરી કરી શકે એવા ઉમેદવારો આઉટસોર્સીંગ એજન્સીએ પૂરા પાડવાના રહેશે.

**B.** નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા ઝોનવાઇઝ કે જિલ્લાવાઇઝ એજન્સી નક્કી કરવાની કાર્યપદ્ધતિ અંગે સૂચના આપવાની રહેશે.

**C. શાળા સહાયકોના કામગીરીની સમીક્ષા:**

i. શાળા સહાયકો સાથેનો કરાર આઉટસોર્સીંગ એજન્સી કરશે.

(પાછળના પૃષ્ઠ પર ચાલુ)

ii. એજન્સી દ્વારા ફાળવેલ ઉમેદવારોની વર્ષના અંતે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)અને તે ક્લસ્ટરના સીઆરસી(CRC) મારફતે સમીક્ષા કરવાની રહેશે. જો કામગીરી સંતોષકારક હોય તો તે મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**D. શાળા સહાયકને અન્ય શાળામાં ફાળવવા માટેની પ્રક્રિયા:**

i. રાજ્યની સરકારી પ્રાથમિક પગાર-કેન્દ્ર શાળાઓમાં જ શાળા સહાયકની ફાળવણી કરવામાં આવશે.

ii. છૂટા કરેલ શાળાસહાયકને જેમાં શાળા સહાયક ફાળવેલ ન હોય તેવી અન્ય પગાર-કેન્દ્ર શાળામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ ફાળવણી કરી એજન્સીને જાણ કરવાની રહેશે.

iii. જો કોઇ કિસ્સામાં છુટા કરાયેલ શાળાસહાયકને તેઓના જિલ્લા/નગરમાં પગાર-કેન્દ્ર શાળા ન હોવાના કારણે સમાવી શકાતા ન હોય અને તેવા શાળા સહાયક અન્ય જિલ્લા/નગરની શાળા સહાયક ફાળવેલ નહી હોય તેવી પગાર-કેન્દ્ર શાળામાં જવા ઇચ્છતા હોય તો તેઓએ એજન્સી મારફતે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરને જાણ કરવાની રહેશે.

iv. આવી અરજી પરત્વે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરએ કાર્યવાહી કરી જે તે શાળા સહાયકને અન્ય જિલ્લા/નગરની ખાલી જગ્યા પર આઉટસોર્સ એજન્સી મારફતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીને ફાળવણી કરવાની રહેશે.

**E. 'શાળા સહાયક'ની આઉટસોર્સીંગથી ઉપલબ્ધ કરાવવા અંગેની નવી બાબતનો સમયગાળો:**

i. આ નવી બાબત 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' પ્રોજેક્ટના સમયગાળા દરમ્યાન એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ સુધી અમલમાં રહેશે.

ii. આ નવી બાબત હેઠળ આઉટસોર્સ એજન્સી આધારિત સેવાઓ લેવાની હોય શાળા સહાયક તરીકે આવનાર ઉમેદવારનો સેવા વિષયક અન્ય કોઇ પણ હક્કદાવો રહેશે નહી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, શાસનાધિકારી અને જે તે શાળાના આચાર્યોએ માર્ગદર્શક સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

iii. 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' પ્રોજેક્ટ પૂર્ણ થયેથી આ નવી બાબત અંગે સરકારશ્રી તરફથી પુનઃવિચારણા કરવામાં આવશે.

**F. અન્ય શરતો:**

i. સરકારી પ્રાથમિક શાળાઓ પૈકી પગાર-કેન્દ્ર શાળા હોય તેવી જ શાળામાં શાળાસહાયકની સેવા આઉટસોર્સથી મેળવવાની રહેશે.

ii. હાલમાં જે શાળા પગાર કેન્દ્ર શાળા છે અને તે શાળામાં ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા નથી અને તે પગાર કેન્દ્ર અંતર્ગત આવેલી શાળાઓ પૈકી ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યાવાળી શાળા/શાળાઓ આવેલી હોય તેવા સંજોગોમાં તે પગાર કેન્દ્રમાં આવેલી શાળાઓનો ભૌગોલિક વિસ્તાર ધ્યાને લઇ ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા વાળી શાળાને પગાર કેન્દ્ર શાળા જાહેર કરવાની રહેશે.

iii. જે તે પગાર કેન્દ્રમાં સમાવિષ્ટ તમામ શાળાઓ પૈકી એકપણ શાળા ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી ન હોય તો હાલ જે તે પગાર કેન્દ્ર શાળા હોય ત્યાં શાળા સહાયક ઉપલબ્ધ કરાવવાના રહેશે.

iv. આ ઠરાવમાં સૂચવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારો જ એજન્સીએ ફાળવ્યા છે કે કેમ? તેની ખરાઇ સંબંધિત શાસનાધિકારી/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરી લેવાની રહેશે. નિયત લાયકાત સિવાયના શાળા સહાયક કામ ન કરે તેની કાળજી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને સંબંધિત શાળાના આચાર્યએ લેવાની રહેશે.

v. સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ તેઓના જિલ્લા માટે નિયત થયેલ એજન્સીને e-payment થી પ્રત્યેક શાળા સહાયક દીઠ માસિક મહેનતાણું રૂ. ૨૧,૦૦૦/- પ્રતિમાસ ચૂકવવાનું રહેશે. એજન્સીને સર્વિસચાર્જ અને GST અલગથી ચૂકવવાનો રહેશે.

vi. એજન્સી દ્વારા શાળા સહાયક માટે નિયત કરેલ માસિક મહેનતાણું બેન્ક મારફતે ચૂકવી તેની પહોંચ સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીને રજૂ કર્યેથી તેઓના બીલની ચૂકવણી કરવાની રહેશે.

vii. એજન્સી દ્વારા નિમાયેલ શાળા સહાયક કોઇ પણ સંજોગોમાં સરકારી કર્મચારીને મળતા લાભો માટે હક્ક-દાવો કરી શકશે નહિ.

viii. શાળા સહાયક દ્વારા ફાળવણી અંગેના કોઇ કાનુની પ્રશ્નો ઉભા કરવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઉપલબ્ધ કરાવનાર એજન્સીની રહેશે.

ix. જે શાળા સહાયકની કામગીરી સંતોષકારક નહિ હોય તો એવા સહાયકને કોઇ પણ પ્રકારની નોટીસ આપ્યા વિના શાળામાંથી છૂટા કરવામાં આવશે અને જેની જાણ શાળા સહાયક ઉપલબ્ધ કરાવનાર એજન્સીને કરવાની રહેશે અને તેની જગ્યા પર નવા શાળા સહાયક ઉપલબ્ધ કરાવવાની જવાબદારી એજન્સીની રહેશે.

x. આ અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર તારીખ ૦૬/૦૧/૨૦૨૫ની નોંધથી નાણા વિભાગની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આર. આર. ઠાકોર)**
**સેકશન અધિકારી**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી,પ્રા.શિ.ની કચેરી મારફત)
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા અને નગરપાલિકા (નિયામકશ્રી,પ્રા.શિ.ની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (ઠરાવ ઓનલાઇન મુકવા સારું)
- સેકશન અધિકારીશ્રી ક-૧, ચ, ન-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૫
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૫

(શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/KEF/e-file/3/2023/0105/K, તા–૨૧/૦૨/૨૦૨૫નું પરિશિષ્ટ)

**પરિશિષ્ટ–૧**

| ક્રમ | વિગત | ધારા ધોરણ |
|---|---|---|
| ૧ | **શૈક્ષણિક લાયકાત** | માન્ય યુનિવર્સિટીના કોઇપણ વિદ્યા શાખાના સ્નાતક + B.Ed. |
| ૨ | **વય મર્યાદા** | એજન્સી દ્વારા પસંદ થનાર ઉમેદવારની વય મર્યાદા ૩૮ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |
| ૩ | **પસંદગી પ્રક્રિયા** | ક્રમ–૧ મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોમાંથી આઉટસોર્સ એજન્સી દ્વારા આપેલ યાદી મુજબ. |
| ૪ | **માસિક મહેનતાણું** | રૂ. ૨૧,૦૦૦/– |
| ૫ | **સમયગાળો** | શાળા સહાયકોની કામગીરી ૧૧ માસની રહેશે (વેકેશન સિવાય). અગિયાર માસનો સમય પુરો થતાં તેઓ છૂટા થયેલા ગણાશે. |
| ૬ | **શાળા સહાયક સાથે કરાર** | શાળા સહાયક સાથે માન્ય આઉટસોર્સ એજન્સીએ કરાર કરવાનો રહેશે. |
| ૭ | **કામકાજ** | આઉટસોર્સ આધારિત શાળા સહાયકોએ શાળામાં કામકાજનાં દિવસો દરમિયાન તથા શાળા સમય બાદ પણ વહીવટી કામગીરી, શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિ આચાર્ય અથવા વડી કચેરી સોંપે તેવી કામગીરી કરવાની રહેશે. |